ગાંધીનગરમાં પ્રથમ ગુજરાત રાજપૂત મહિલા કોન્ફરન્સ ૨૬મીએ યોજાશે

રાજપૂત મહિલાઓને કાયદાકીય અધિકારો, મહિલા સશક્તીકરણ, ઉત્તમ કેળવણી અને રોજગારી, સામાજીક પ્રશ્નો અને તેના ઉકેલ સહિતના મહત્વના વિષયો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૨૧

રાજપૂત મહિલાઓ સામાજીક, શૈક્ષિણિક અને

આર્થિક રીતે સક્ષમ, નિડર અને જવાબદાર બને તથા તેમની સર્વાંગી ઉન્નતી થાય તે હેતુસર જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પ્રદાન કરવા માટે ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા 'પ્રથમ ગુજરાત રાજપૂત કોન્ફરન્સ-૨૦૧૪'નું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સે. ૧૭ ટાઉનહોલ ખાતે ૨૬મી જાન્યુઆરીએ સવારે ૧૦ થી સાંજે ૫ દરમ્યાન યોજાનાર આ કોન્ફરન્સમાં મહિલા સશક્તિકરણ, ઉત્તમ કેળવણી, રોજગારી, સંસ્કૃતિની જાળવણીમાં મહિલાઓનો ફાળો, સામાજીક પ્રશ્નો તથા તેના ઉકેલ, સ્ત્રીઓના કાયદાકીય અધિકારો, સમાજ સુદૃઢ બનાવવો જેવા મહત્વના પ્રશ્નો પર રાજપૂત પ્રશ્નાતભૂમિ સાથે વિવિધ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે અને વિષયો પર ચર્ચા કરવામાં આવશે તેમ મંડળના પ્રમુખ સુશીલાબા આર. જાડેજાએ માહિતી આપતા જણાવ્યું હતું. ગાંધીનગરના રાજપૂત મહિલા મંડળની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી મંડળ દ્વારા આયોજીત આ પ્રથમ કોન્ફરન્સ માટે છેલ્લા ૪ માસથી પાટનગરની રાજપૂત મહિલાઓ, મંડળના પ્રમુખ સુશીલાબેન જાડેજા, ઉપપ્રમુખ જ્યોતિબા જાડેજા, મંત્રી અસ્મિતાબા ચુડાસમા, સહમંત્રી ચંદ્રાબા ચુડાસમા, સંગઠન મંત્રી નીરૂબા જાડેજા અને ખજાનજી કંચનબા ગોહિલ તથા રાજપૂત મહિલાઓની મજબૂત ટીમ દ્વારા કોન્ફરન્સની સફળતા માટે તનતોડ પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરીને મહિલાઓને

કોન્ફરન્સમાં સહભાગી થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. જેના પરિણામે રાજ્યની સ્મૃતિમાં આ પ્રસંગે એક સોવેનિયર પણ પ્રસિદ્ધ થશે. આ કોન્ફરન્સમાં ભાગ લેવા રાજપૂત મહિલાઓમાં પણ ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. અત્યાર સુધીમાં ૧૨૨૦ જેટલા ડેલીગેટ્સની નોંધણી થઈ ગઈ છે.

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં રાજપૂત મહિલાઓને પ્રોત્સાહિત કરવા રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ હાજર રહેનાર છે.

વહેલી પરોઢે અચાનક વરસેલા માવઠાએ નાગરિકોની ઉંઘ ઉડાડી

શાળાએ જતા બાળકોએ સ્વેટર્સ ઉપર રેઈનકોટ પણ પહેર્યા : ખેડૂતોમાં વરસાદને કારણે ચિંતાનો માહોલ : દવાખાના દર્દીઓથી ઉભરાયા

ગાંધીનગર, તા.૨૧

છેલ્લા કેટલાય અઠવાડીયાથી શહેર શીત લહેરમાં ઠુંઠવાઈ રહ્યું છે. તેમાં પડતા પર પાટુની જેમ આજે વહેલી પરોઢે અચાનક થયેલા વરસાદી માવઠાએ કપરી પરિસ્થિતિનું નિર્માણ કર્યું હતું. અમદાવાદમાં મધ્યરાત્રિએ અને ગાંધીનગરમાં વહેલી સવારે વરસાદનું ઝાપટું પડતા એક જ ઋતુમાં એક સાથે બે મૌસમ અનુભવાઈ હતી.

અચાનક આવી ચઢેલા વાદળોએ માત્ર થોડીક જ મિનીટો માટે વરસાદની ધબડાટી બોલાવી દેતા નગરજનો એકાએક નિંદ્રામાંથી જાગી ગયા હતા. છેલ્લા કેટલાય સમયથી શીત લહેરના કહેરમાં ઠુંઠવાઈ રહેલા નાગરિકો આ વરસાદને કારણે ધ્રુજી ઉઠયા હતા. ઝુંપડપટ્ટી અને કાચા મકાનોમાં રહેતા ગરીબોની હાલત તો સૌથી વધુ કફોડી બની જવા પામી હતી. વાતાવરણમાં ઠંડીની સાથે ભેજ પણ ભળી જતા ઓઢવા માટેની ગોદડીઓ અને રજાઓ પણ એકદમ ઠંડી થઈ જવા પામી હતી. શેરીઓમાં સુતેલા મુંગા પ્રાણીઓ સલામત જગ્યા શોધવા આમ તેમ દોડવા લાગ્યા હતા. વરસાદની સાથે સાથે પવનના સુસવાટાએ વાતાવરણને વધુ તોફાની બનાવ્યું હતું.

અમદાવાદ અને ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં સવારે પણ વરસાદી ઝરમર વરસતા શાળાએ જઈ રહેલા બાળકોને ઠંડીથી બચવા પહેરેલા સ્વેટર્સ અને સ્કાર્ફ ટોપી ઉપર રેઈનકોટ પણ પહેરવા પડયા હતા. આમ એક સાથે બે બે ઋતુના પોશાક પહેરવાથી બાળકોમાં પણ રમૂજભરી મુંઝવણ ઉભી થઈ હતી.

અતિશય ઠંડીના કારણેઆમ પણ શહેરના દવાખાના શરદી, તાવ, ઉધરસ અને ગળુ પકડાવાના રોગોને કારણે દર્દીઓથી ઉભરાતા હતા તેમાં આ માવઠાને કારણે નાગરિકોમાં રોગચાળો ફેલાવાનો ભય પણ ઉભો થયો છે. સવારથી જ આજે દવાખાનાઓમાં ભીડ જોવા મળી હતી. કેટલાય વાલીઓએ આજે તેમના બાળકોને શાળાએ મોકલવાનું ટાળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા જ શહેરના જયોતિષીએ કરલી તીવ્ર ઠંડીની આગાહી વરસાદના કારણે સાચી પડતી દેખાતા નાગરિકોમાં ચર્ચાનો મુદ્દો બની ગયો હતો. ખેડૂતોમાં વરસાદને કારણે ઘેરી ચિંતા જણાઈ આવી હતી અને સત્વરે પાક બચાવવા પ્રયત્નો આદર્યા હતા.

ઓઢવ બ્રહ્મસમાજનો સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ઓઢવ વિભાગ-૬નો ૨૨મો સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ તા. ૧૬ ફેબ્રુઆરી રવિવાર સાંજે ૬-૦૦ કલાકે રસપાન પાર્ટીપ્લોટ, એસ.પી. રીંગ રોડ કઠવાડા ખાતે યોજવામાં આવશે. સમસ્ત બ્રહ્મસમાજ ઓઢવ વિભાગ-૬ દ્વારા સમુહ લગ્નોત્સવ ગોળના વાડા સિવાય યોજવામાં આવે છે. જેમાં સમાજના નવ દંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે. તેમજ બટુકો યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કરશે. સમાજના ભગીરથ કાર્યમાં દાતાઓએ સમાજને યથા યોગ્ય રોકડ તેમજ વસ્તુ આપી સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલમાં ડીઝીટલ એક્સ-રે મશીન ચાર દિવસથી બંધ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં સ્થિત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસથી ડીઝીટલ એક્સ રે મશીન બંધ હાલતમાં છે. પરિણામે જિલ્લાના દૂર દૂરના ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓને ના છૂટકે ખાનગી હોસ્પિટલોમાં જઈ ૩-૪ ઘણા વધારે ભાવ આપી એક્સ-રે પડાવવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સ્થિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દરરોજ અસંખ્ય દર્દીઓ સારવાર અર્થે આવે છે. જ્યાં દરરોજના દર્દીઓને ફરજીયાતપણે એક્સ-રે પડાવવા જ પડે છે. પરંતુ છેલ્લા ચાર દિવસથી સિવિલ હોસ્પિટલના એક્સ-રે વિભાગમાં સ્થિત એક્સ-રે મશીન બંધ હાલતમાં છે. આથી ડીઝીટલ એક્સ-રે પડાવવા આવતા દર્દીઓને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે અને જરૂરીયાત મુજબ ના છૂટકે ગરીબ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં જઈ સિવિલ હોસ્પિટલના દર કરતા ૩ થી ૪ ઘણા ભાવ વધારે આપવા પડે છે. ગરીબ દર્દીઓને સિવિલ હોસ્પિટલ હોવા છતાં ખાનગી હોસ્પિટલનો સહારો લેવો પડે છે. પરિણામે આર્થિક નુકશાન પણ થઈ રહ્યું છે. તો સિવિલ સત્તાવાળાઓ તુરંત મશીન રીપેર કરાવે તેવી માંગ પણ લોકોમાં ઉઠવા પામી છે.

રાજપૂત સમાજના સંગઠક સ્વ. સુખદેવસિંહનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર રાજપૂત સમાજના પાયાના કાર્યકર અને સમાજના સંગઠક સુખદેવસિંહ શંકરસિંહ ચાવડાનું તા. ૨૦મી જાન્યુઆરીએ માર્ગ અકસ્માતમાં કરૂણ અવસાન થતા સમગ્ર રાજપૂત સમાજમાં ઘેરી શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. સ્વ. સુખદેવસિંહ રાજપૂત સમાજના સાચા મુક સેવક હતા જેમની સમાજને ન પુરાય તેવી ખોડ પડી છે તેવું અખબારી યાદીમાં રાજપૂત સમાજ ગાંધીનગર તથા જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ પી.પી. બિહોલા તથા વિક્રમસિંહ ગોલે જણાવ્યું હતું. સ્વ. સુખદેવસિંહને શ્રદ્ધાંજલિ આપવા તા. ૨૫મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સે. ૧૨માં આવેલા રાજપૂત સમાજભવન ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અતિ પછાત સમુદાય ભાજપના હાથ મજબુત કરે : વિશાલ જાદવ

ગુજરાત તુરી બારોટ યુવા સંગઠન દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને ભાજપ દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ વિશાળ જાદવે જણાવ્યું છે કે રાજ્ય સરકારે અતિ પછાત જાતિના બાળકો માટે વિવિધ યોજનાઓ જાહેર કરી છે ત્યારે અતિ પછાત સમુદાયની જવાબદારી બને છે કે ભાજપાના હાથ મજબુત કરે.

ડભોડામાં ધો. ૧૨ એચ.એસ.સી. બોર્ડનું પરીક્ષા કેન્દ્ર ફળવાયું

દૂરના કેન્દ્ર સુધી પરીક્ષા આપવા જવાની હાલાકીમાંથી છુટકારો મળતા વિદ્યાર્થી-વાલીઓમાં ખુશીની લહેર : હનુમાનજી મંદિરે ૧૧ ડબ્બા તેલ ચઢાવાયું

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે શ્રી એમ.એચ. વિદ્યા મંદિર હાઈસ્કૂલ ખાતે આગામી એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા માટેનું કેન્દ્ર ફાળવાતા ડભોડા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ તથા વાલીગણમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. ડભોડા કેન્દ્ર બનતા પરીક્ષાર્થીઓની હાલાકીઓનો અંત આવતા સમગ્ર પંથકમાં આનંદનો માહોલ પ્રવર્તી રહ્યો છે.

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓ ડભોડા ખાતે મોટી સંખ્યામાં અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓને ધો. ૧૨ની એચ.એસ.સી. બોર્ડ જેવી મહત્વની પરીક્ષા આપવા દૂરના કેન્દ્ર પર જવું પડતુ હતુ. જેથી તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. પરંતુ હવે ડભોડાની એમ.એચ. વિદ્યામંદિર હાઈસ્કૂલને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ફાળવાતા આ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ખુશીની લહેર પ્રસરાઈ જવા પામી હતી.

ડભોડા ખાતે ધો. ૧૨ની પરીક્ષાનું કેન્દ્ર મેળવવા માટે સંસ્થાના સંચાલક કેળવણી મંડળના પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી હિંમતસિંહ ઠાકોર અને સભ્યો ઉપરાંત દક્ષિણ

ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન બાબુભાઈ જેબલીયા તેમજ અન્ય આગેવાનોએ અથાગ પ્રયત્નો કર્યા હતા. ડભોડા ખાતે પરીક્ષા કેન્દ્ર ફાળવાતા કેળવણી મંડળ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓ સહિત ડભોડાના સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિરે ૧૧ ડબ્બા તેલ ચઢાવી આરતી તેમજ હનુમાન ચાલીસાનો કાર્યક્રમ પણ યોજયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ગાંધીનગરની ઝેવિયર્સ પ્રાયમરી સ્કૂલના બાળકોએ રાજેશ ક્રિશ્ચિયન આયોજીત પર્સનાલીટી ડેવલપમેન્ટના એક દિવસીય વર્કશોપને માણ્યો હતો. આ વર્કશોપમાં બાળકોમાં સંઘભાવના, શિસ્ત, નેતૃત્વ, પરસ્પર મદદની ભાવના અને ધ્યેય હાંસલ કરવા સતત પ્રયત્નશીલ રહેવાની કટિબદ્ધતા જેવા ગુણો જુદી જુદી રમતો અને ચર્ચા દ્વારા કેળવવાનું શિખ્યા હતા. બાળકો આ વર્કશોપમાં ગમ્મત સાથે જ્ઞાન મળતા ગેલમાં આવી ગયા હતા.

જેસીઆઈ મહિલા વિંગના રસોડામાં ખુશ્બુ 'ખાના ખજાના'માં શિખી ટેસ્ટફૂલ વાનગીઓ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સમાજ સેવા અને યુવાનોના એમ્પાવર માટેની કામ કરતી સંસ્થા એવી જેસીઆઈની મહિલા સંસ્થા જેસીકીટના પ્રમુખ મિતાલી ત્રિવેદી અને ઉપપ્રમુખ ફાલ્ગુની ભાવસારની આગેવાનીમાં ખુબ જ સુંદર એવા કૂકરી શોનું તારીખ ૧૨-૧-૨૦૧૪ના શનિવારના રોજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉર્વશીબેન ત્રિવેદી દ્વારા ખૂબ જ સુંદર રીતે અલગ અલગ વાનગીઓ બનાવવાની રીતો શીખવાડવામાં આવી હતી. અને રોજ દરરોજમાં ઉપયોગમાં આવતી અને વાનગીઓ માટેની અલગ અલગ ખૂબ જ જરુરી એવી ટીપ્સ આપી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે લાયન્સ મહિલા પ્રમુખ આરતીબેન અને મમતાબેન રાવલ હાજર રહ્યા હતા અને આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કિન્નાબેન જાની, સીમાબેન ઉપાધ્યાય, ભુમિકાબેન નિર્મલ, હેતલબેન ગજ્જર, હેતલબેન શાહ, લતાબેન શુકલ, હિનાબેન સુથાર, રૂપાબેન ભટ્ટ, ડૉ. પરાગી ગાંધી, ડૉ અપૂર્વા રાવલે હાજરી આપી હતી અને પ્રોગ્રામને સફળ બનાવવા ખૂબ જ મહેનત કરી હતી અને તેનો લાભ લીધો હતો.

મનલોભાવન વઘારથી મહેંકતા જેસીઆઈની મહિલા વિંગના રસોડામાં 'ખાના ખજાના'ની ટેસ્ટફૂલ વાનગીઓની ડીશ પીરસાશે, મહિલાઓને મનગમતી વાતમાં ઉત્સાહભેરનું પાર્ટીસીપેશન પુરુષને સુંદર વાનગીઓ તરફ દોરી જશે. કુકીંગનો કુકરી શો એટલે પરિવારને ખુશ રાખવાની ચાવી.

મહિલાના પાકીટમાંથી કોઈએ સોનાના સિક્કા સેરવી લીધા...!

લેડીઝ પર્સમાં મુકેલું એક નાનું પર્સ જ ચોરાઈ ગયું : સે-૫માંથી પથિકાશ્રમ પહોંચ્યા ને મહિલાને ચોરી અંગે જાણ થઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સે-૫માં રહેતી મહિલા ગઈ કાલે બપોરના અરસામાં ઘરેથી પથિકાશ્રમ જઈ રહ્યા હતા તે દરમિયાન તેમના પાકીટમાંથી સોનાનાં બે સિક્કા મુકેલા નાના પાકીટને કોઈ શખ્સ સેરવીને સરકી ગયો હતો. આ બનાવ અંગે સે-૭ પોલીસે મહિલાની ફરિયાદને આધારે ૫૦ હજારની મત્તાના સિક્કાની ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૫ ખાતે રહેતી મહિલા રીઝવાનાબેન શેખ ગઈ કાલે બપોરના અઢી વાગ્યાના અરસામાં ઘરેથી પથિકાશ્રમ જવા નિકળ્યા હતાં. પથિકાશ્રમ પહોંચ્યા બાદ તેમણે પોતે હાથમાં લીધેલા પર્સમાં ધ્યાન દોર્યું તો તેમાં મુકેલું એક નાનું પાકીટ ગાયબ હતું. ઘરેથી પથિકાશ્રમ જતા રસ્તામાં કોઈ શખ્સે નજર ચુકવીને તેમના પાકીટમાંથી એક નાનું પાકીટ સેરવી લીધું હતું. તે પાકીટમાં સોનાના બે સિકકા હતા રૂ. ૫૦ હજારની કિંમતના બે સિક્કાઓ ઉપરાંત ઘરના લોકરની ચાવી અને લાયસન્સ સહિતના દસ્તાવેજો પણ હતાં. ચોરી અંગે રીઝવાનાબેનની ફરિયાદ લઈ સે-૭ પોલીસે ગુનો નોંધીને પીએસઆઈ જી.કે. પરમારે વધુ તપાસ શરુ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૬.૧૬

તાપમાન

મહત્તમ : ૨૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૪ ટકા ● સાંજે ૭૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫
શોલે-૩ડી : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
કરલે પ્યાર કરલે : ૯.૩૫
મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦
ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
કરલે પ્યાર કરલે : ૧૧.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ :૧૧.૧૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦
કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

વિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને.

વૃષભ : કર્મક્ષેત્રમાં વિશેષ નિર્ણય અંગે વિવાદનો યોગ. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

મિથુન : આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સમય શુભ

કર્ક : રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

સિંહ : આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

કન્યા : પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

તુલા : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

ધન : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

મકર : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે.

કુંભ : નવી યોજના બનશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

મીન : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. સમય શુભ.

ચિરવિદાય

- સ્વ. બાલુબા ગલાબજી મકવાણા(ઉ.વ. ૧૧૦) મકવાણાવાસ, આદિવાડા,સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. ત્રંબકલાલ છોટાલાલ ગોરસીયા (ઉ.વ. ૯૫) શાલીન-૪, ઈ-૨/૪, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કરશનજી ભુલાજી ગોહિલ (ઉ.વ. ૬૦) બ્રાહ્મણવાસ, સેકટર-૨૦, ગાંધીનગર.
- સ્વ.સુશીલાબેન નવલકિશોર દવે (ઉ.વ. ૬૨) બી-૪૦૩, પાર્થન ગ્રીન્સ, મુ.પો. સરગાસણ, તા.,જિ. ગાંધીનગર.